
REVIEW OF RESEARCH

ISSN: 2249-894X
IMPACT FACTOR : 5.2331(UIF)
VOLUME - 7 | ISSUE - 1 | OCTOBER – 2017



# मिथनु संभवित अर्थघटन : स्वप्न दुःस्वप्न- (स्वप्न दुःस्वप्न,लेखक चिनु मोदी, प्र. का. डिवाइन पब्लिकेशन, अमदावाद. प्रा.आ.- २०१०)

**Dr. Hitesh Gandhi**
**M.Phil., Ph.D. , Supervising Teacher for Ph.D. and Associate Professor Ratansinhji Mahida College, Rajpipla, Gujarat.**

## प्रस्तावना :

पुराकथा चिनु मोदीना शोध अने सर्जनना रसनो विषय होवाथी, पूर्वख्यात वस्तु आधारित नाटकनुं सर्जन करी आधुनिक युग संदर्भे आपी, पोतीकु अर्थघटन करवानो उद्यम सतत तेमना नाटकोमां थतो रहयो छे. १६७८ आसपास मानव संशाधन, दिल्ही द्वारा फेलोशीप मळेली त्यारे तेमणे 'बाहुक' लखेलु, १६८६-८७ दरम्यान साहित्य अकादमी गांधीनगर द्वारा रेसिडेन्स स्किमना निमंत्रणमां तेमने 'स्वप्न दुःस्वप्नह लख्युं जे परबमां छपायु अने निमेष देसाइअे अमदावाद अने वडोदरा बनने शहेरमां अेनु नाटयात्मक पठन कर्यु हतुं.२०१०मां ग्रंथस्थ थयु. आ त्रणेय कृति पूर्वख्यात वस्तु आधारित हती.

युधिष्ठिर, अर्जुन, भीम, सहदेव, नकुल अने अग्नि, सूर्य, वायुदेव तथा यमना पात्रो, तेमज त्रण अंक अने छ द्रश्य धरावतु आ नाटक 'स्वप्न दुःस्वप्न' चिनु मोदीनी महाभारतना पुराकल्पन आधारित नाटय कृति छे. चिनु मोदीना नाटयसर्जनमां शेनुं सर्जन कर्यु छे अे महतवनुं नथी, परंतु नाटयवस्तुने केवीरीतेघाट आपे छेतेनो अभ्यास तेमनी सर्जनकलानो परिचय कराव छे. अहीं युधिष्ठिरने आवेला स्वप्न-दुःस्वप्न द्वारा युधिष्ठिरना संभवित मनोसंचलनो अने द्रौपदीना अग्निरस्या पात्र द्वारा महाभारतनी उत्तर कथाने, नवुं परिमाण आप्युं छे. आम चिनु मोदी पुराकल्पन साथे, पूर्व ख्यात वस्तु साथे पनारो पाडे छे त्यारे तेमना सर्जकत्वनो कसब जोवा मळे छे.

'स्वप्न दुःस्वप्न' महाभारतना युद्ध थइ गयाना ३६ वर्ष पछीनी कथा आलेखतुं अने युधिष्ठिरना दुःस्वप्नने केन्द्रस्थाने राखतु नाटक छे महाभारतनो युधिष्ठिरथी चिनु मोदीनो युधिष्ठिर भिन्न छे. महाभारतनो युधिष्ठिर धर्मराजा छे, सत्यवकता छे अने पांडवोमां जयेष्ठ अने श्रेष्ठ छे, द्रोपदीनो पति अने अेने खातर युद्ध करनार अेवो वीर छे चिनु मोदी पोताना सर्जनकलाथी, परिचित अेवा युधिष्ठिरना आ पात्रने अेक तद्दन जुदी परिपाटीअे छतां संभवित द्रष्टिअे युधिष्ठिरना जीवनमां बनेली तेना चरित्रने आकार आपती केटलीक महत्त्वनी घटनाने निरुपेछे, अने आ घटना समयना युधिष्ठिरना आंतरमननां संचलनोनुं पोतीकुं सर्जन करी युधिष्ठिरना संभवित रुपने प्रत्यक्ष करी आपे छे, तो साथे-साथे द्रोपदीने कठोर, अग्निरस्या निरुपी अनुआधुनिक नारीना अस्तित्वना प्रश्नो, अनुआधुनिक नारीनो अस्तित्व ह्रास अने तेमांथी ऊभु थता नारीवादी संवेदनानी कक्षाअे लइ जइ द्रौपदीनुं संभवित रुप ऊभुं करेछे आ नाटकनो आरंभ गणेश सरस्वतीनी स्तुति पछी सूत्रधार करे छे स्तुतिना अंतिम भागमां नाटय वसूत साथे भावकनुं

अनुसंधान साधी आपे छे ''तो, सकळ लोकमां सहुने वंदीने वात मांडीये छे पांडु पुत्र युधिष्ठिरनी'' (स्वप्न दुःस्वप्न, लखेक चिनु मोदी, प्रकाशक डिवाइन पब्लिकेशन, अमदावाद, प्रा. आ.२०१०, पान-१) लेखक कुरुक्षेत्रना युद्धना छत्रीस-छत्रीस वर्ष वीती गया छे, त्यार पछीनी वात करवानो उद्देश जणावे छे.

कथागान पछी सुधर्मा सभानुं द्रश्य छे. चित्रगुप्त अने यमराज, पांडुपुत्रो अने द्रौपदीनुं आयुष्य पुरु थयुं होवाथी तेओने देहमुकत करवा इन्द्रनी अनुमति मांगे छे. चित्रगुप्तना चोपडा मुजब जयेष्ठ पांडुपुत्र सदेह स्वर्गना अधिकारी होवाथी, इन्द्र स्वर्गे लइ आववानी मंजुरी आपे छे परंतु वायु, अग्नि अने सूर्यदेवने युधिष्ठिरनो सदेह स्वर्ग प्रवेश अयोग्य लागे छे तेथी तेओ युधिष्ठिर संदर्भे विचार विमर्श माटे आवे छे. त्यां नारद आवी ओेमनां मनमां जे कइ संशय होय, ते माटे पृथ्वीलोक उपर जइ, युधिष्ठिरने मळी, अेनी साथे 'संवाद' करी, संशयनुं निराकरण करवानुं जणावे छे. आम युधिष्ठिरना सदेहे स्वर्गे प्रवेशनो प्रश्न नाटकनुं बनी रहे छे. युधिष्ठिर पोताना आ जीवन निरंतर, शुद्ध धर्म आचरणना कारण सदेहे स्वर्गमां प्रवेशवानी पात्रता धरावे छे - महाभारतकाळनुं अेवुं प्रतिपादन छे. नाटकमां पण देवराज इन्द्र, धर्मदेव, यमराज अने चित्रगुप्त अेमां संमत छे, परंतु अग्नि, वायु, अने सूर्य देवोनो विरोध होवाथी, संघर्ष अने नाटकनो प्रारंभ थाय छे. लेखक चिनु मोदीअे अही वार्तालाप - वांधानो निकाल के पछी समाधान माटे 'संवाद' जेवो संकुल शब्द प्रयोजी भाषा क्षमताने परिचय करावे छे. जयारे नारदना सूचव्या मुजब देवो पृथ्वी परना काळा माथानाा मानवीजोडे संवाद करवा माटे आवे तेथी स्वाभाविक रीते ज नाटय प्रयुकित-टेक्निक बनी रहे छे. अने स्वप्ननुं द्रश्य खडु थाय छे. युधिष्ठिर माटे देवोना विरोधनुं अने स्वप्नमांनी प्रत्यक्षता पण छेवटे दुःस्वप्न बनी रहे छे.

बीजु द्रश्य शरु थाय छे त्यारे सूत्रधार आवीने कुरुक्षेत्रना युद्ध छत्रीस वर्ष पछीनी युधिष्ठिरनी मनोदशानुं वर्णन करे छे अढार दिवसना युद्धना अंते धर्मराज युधिष्ठिरने साम्राजय प्राप्त थयु छे परंतु शांति प्राप्त थइ नथी.तेओ राते सुइ शकता नथी. स्वप्नमां युधिष्ठिरने सूर्यदेवनो साक्षात्त्कार थाय छे युधिष्ठिर रात्रे सूर्यदेवना आववाथी असमंजसता अनुभवी मध्यरात्रिअे आवानुं कारण पूछे छे.''अेवुं ते शुं थयुं के आप पृथ्वी उपर मध्यरात्रि अे आ खंडमां आवु पडयुं'' (पान-५) त्यारे सूर्य पोताना मनमां रहेल संशय जणावे छे के कुरुक्षेत्रना युद्ध वखते तेमना पुत्र कर्णने रथचक्रने भोंयमांथी बहार काढती वखते आयुध रहित अवस्थामां अर्जुने हण्यो त्यारे चुप रही युधिष्ठिरे अेवी क्षणेअधर्म आचर्युं हतु अने आथी ज तेओ कयारेय तेने क्षमा करी शके अेम नथी.आ कारणे ज आथी युधिष्ठिरने सदेहे स्वर्गनो अधिकारी न लेखी शकाय तेवुं जणावीने अलोप थाय छे. युधिष्ठिर तेमने थोभी जवा अने पोताने सांभळवा माटे विनंती करे छे पण सुर्यदेव थोभता नथी. त्यां वायुदेव पण आवे छे. अने चारेय पांडुपुत्रोअे भोळा अने बालाढय, भीमने सोंगठुं गण्यो होवानो आक्षेप करे छे द्रौपदीने सतत चाहतो. कुंता तथा युधिष्ठिर भणी स्नेहाधिन होवाने कारणे व्यवहारमां भुंडो बन्यो छे. कटोकटीना समये अे क्रियापद बनेलो छे, छतां कयारेय कोइअे अेने चाह्यो नथी. कटोकटीना समये अे क्रियापद बनेलो छे, आथी आ अन्याय तेओ साखी शके तेम नथी, आम कही वायुदेव पण जता रहे छे. छेल्ले अग्निदेव आवे छे, पोतानो संशय युधिष्ठिरने जणावे छे के पांडुपुत्रोअे तेमनी दीकरीने वस्तु समजी ने वहेंची छे अने अेने द्यूतमां दावमां मूकी अेमनी दीकरीनी सतत अवमानना करी छे, तेथी तेओ युधिष्ठिरने सदेहे स्वर्ग जवानी अनुमति आपता नथी. आम कही अग्निदेव पण चाल्या जाय छे.

त्रणे देवोना संतानो महाभारतनी कथा सृष्टिमां प्रमुखपात्र छे. सूर्यनो पुत्र कर्ण, वासुदेवनो पुत्र भीम अने अगिन-यज्ञदेवनी पुत्री द्रौपदी छे आम बीजा द्रश्यमां त्रणे देवो युधिष्ठिरना स्वप्नमां उपस्थित थइने पोतानी नाअनुमतिना कारणो जणावी, आक्षेप करी चाली छे, परंतु उत्तर सांभळवा रोकाता नथी. त्यारे युधिष्ठिर ''मने सांभळतो खरा. आक्षेप करीने आम चाल्या जवानुं ? आ अन्याय छे अन्याय'' (अेजन, पान-७) कही पोतानी व्यथा ठालवे छे.

पहेला अंकना त्रीजा द्रश्यनी शरुआतमां सूत्रधार आवी पांडुपत्रनी मनोस्थिति जणो छे. सामान्यरीते देव दर्शन आपे ते आनंदनुं कारण बने पण युधिष्ठिर माटे देवोनुं प्रकट थवुं दुःखदायक बनी रहे छे. अनेक संग्रामोनी

कटोकटीनी क्षणोमां पण कयारेय पोताना पिता यमराजने सहायभूत थवा बोलाव्या नथी तेमनुं आजे युधिष्ठिर पहेलीवार मूंझाइने तमेनुं आहवान करे छे. देव लोके यम किंवा धर्म, पृथ्वीनो के विदुर, प्रगट थता यीुधष्ठिर पोतानी व्यथा ठालवे छे के पोते धर्मने अनुसरीने धर्मनुं आचरण कर्युं छे 'तो अन्य देवोने सदेहे-स्वर्गे मारा आववा सामे केम विरोध छे ?' (अेजन, पान-१०) त्यारे विदुर तर्कनो आयुध तरीके उपयोग कर्या वगर 'उतरी शके तो अंदर उतर... (अेजन, पान-१०) अतीतनी मंजूषमां तमाम क्षण सचवाय छे, मंजूष खोल अने खपनी छे ते क्षणोनी संमुखथा. (अेजन, पान ११) कही पोतानी भीतरमां झांकवानु कहे छे.ऊंडा ऊंडा जळमां पळनां बिंब पडेलां शोधे... जेवा कथागान साथे द्रश्य अने प्रथम अंक पुरो थाय छे. नाटयकार हवे पछी बीजा अने त्रीजा अंकमां देवोना प्रश्नना उत्तरमां महाभारतनी कथाना चीरपरिचित प्रसंग समये युधिष्ठिरना चित्तमां, संभवित भीतरना वृत्ति वलणो प्रगट करे छे. आम सर्जक चिनु मोदीने महाभारतनी कथाना स्थळरसने निरुपवु नथी परंतु पोतीकु अर्थघटन करी संभवितताओ तागी परिचित कथाने अपरिचित कक्षा सुधी लइ जइ सर्जकीय चमत्त्कार सर्जवो छे.

बीजा अंकनुं पहेलुं द्रश्य शरु थाय छे त्यारे सूत्रधार आवीने युधिष्ठिरने ऊंडे ऊतरी भीतरना 'हुं' ने निर्दभ अेवो पामवा जणावे छे. भीतरनो 'हुं'- युधिष्ठिरनो 'सेल्फ' नाटकमां अेक पात्र रुपे आवे छे. युधिष्ठिरनुं डूबकी मारी, हाथ पग वींझवा, कशुंक ('हुं'नुं) हाथवगु थवु, उचकीने बहार लाववु वगेरे नाटयात्त्मकता रचे छे.'हुंह जाणे के मृत्त्यु पामये होय तेम मूर्छावश जणाय छे. युधिष्ठिर तेनो हाथ झालता ते पोतानी ओळख आपे छे 'हुं बीज छुं,तळिये छुं. आवृत छुं' (अेजन, पाप-१२) अने जे कंइ सन्मुख छे, सपाटीअे छे अे युधिष्ठिर छे.'हुं' युधिष्ठिरना जीवननी बनेली विभिषक क्षणोने ताद्रश्य करे छे. अर्जु द्रुपद तनयाने वरीने लाव्या हता अने भीमे माता कुंताने साद कर्यो हतो त्यारे कुंताजी, द्रुपद राजाअे ब्राह्मण गणी ठीक-ठीक अन्नदान कर्युं हशे, अने आथी ज भीम आटलो आनंदमां छे अेवुं मानी ''जे लाव्या हो, अे पांचेय जण वहेंची लो.'' (अेजन, पान-१र) जणावे छे त्यारे युधिष्ठिर कशुं ज बोलता नथी. आम तो अर्जुन द्रपदीअे मत्त्स्यवेध करी जीती लावेल छे, परंतु अर्जुने कहयुं हतुं तेम के जो युधिष्ठिर अपरणित होय अने अर्जुन लग्न करे तो वेद प्रमाणे तेअने आ लग्ननी संमति आपनार बंने पापमां पडे तेम होवाथी युधिष्ठिर अर्जुनना प्रस्तावनो स्वीकार करे छे. त्यारे प्रतिवाद करता 'हुं' कहे छे के लाक्षागृह वखते भीमअे हिडंबा जोडे विवाह करेलो त्यारे तेणे आ वेद वाकय आगळ धर्युं नहोतुं. अर्जुननो तर्क बरोबर नथी तेम जाणवा छतांय, द्रौपदीने प्राप्त करवानी आकांक्षाअे युधिष्ठिरनी मतिने स्थिर रहेवा दीधी नहोती अने धर्मनी आडमां पोताना मोहने रुपाळुं नाम आपी दीधु हतुं. आथी 'हुं' युधिष्ठिरने धर्मनो पोताना माटे उपयोग करनार, दंभी गणावे छे.'हुं' युधिष्ठिरने बीजो प्रसंग तेना अने द्रौपदीना संवादनो प्रसंग - याद अपावे छे. युधिष्ठिर अने द्रौपदी संवाद करता हता त्यारे, युधिष्ठिरे पोते ज णावेलुं के जो देव प्रसन्न थइने अेक ज वरदान मांगवानुं कहे तो ते द्रौपदीने ज मांगे आम युधिष्ठिर द्रौपदी प्रत्त्ये आशकत हता अने आथी ज युधिष्ठिरे सहेतु अर्जुनने ब्राह्मण गोधन रक्षा करवा माटे बार वर्ष युद्ध करवा मोकली आपेल हतो. युधिष्ठिर धरत तो अर्जुन रोकाइ जात परंतु धर्मना कारणे युधिष्ठिरने रोकता नथी. आम भीतरनो 'हुं' युधिष्ठिरने, तर्कने आयुधनी जेम अने धर्मनो पोताना ज खातर उपयोग करनार-दंभी गणावी त्यांथी चाली जाय छे.

बीजा अंकना बीजा द्रश्यमां भीतरना 'हुं' अने तेना आक्षेपो युधिष्ठिरना चित्तने चिंता ग्रस्त बनावे छे. महात्त्मा विदुरना कहेवाथी तेने पोतानी जातने-भीतरना 'हुंने पूछयुं तो खरुं पण तेमांथी त्रणे देवोना प्रश्नोना उत्तर पामी शकतो नथी. विदुर कहे छे के भीतरनुं हळाहळ विष जयां सुधी वलोवाय सपाटी पर न आवे, त्यां सुधी विषमुकत थइ शकाय नहीं, विषमुकत थाय तो ज सदेहे स्वर्ग प्रवेश शकय बने अने विषमुकत थवा माटे संघर्ष जरुरी छे. आथी वायुदेवनुं आहवान करवानुं कहे छे. वायुदेव प्रगटे छे अने पूछे छे के तेने सौथी वहालो भाइ कोण हतो त्यारे युधिष्ठिर अर्जुननुं नाम आपे छे. वायुदेव प्रतिप्रश्न करे छे के यक्षे अेक भाइने सजीवन करवानुं वरदान आप्युं त्यारे सहदेवनुं नाम केम लीधु हतुं ? युधिष्ठिर आनो उत्तर आपे छे के, कुंता मातानो अेक पुत्र अने माद्री मातानो पुत्र जीवीत रहे छे तेवा आशयथी आम कहयुं हतुं. राक्षसना भोग माटे भीमने मोकल्यानी स्पष्टता करता युधिष्ठिर कहे छे के भीम ज राक्षसने परास्त करी शके अेम होवाथी मोकल्यो हतो, अने दुर्योधननी जांध

भांगती वखते भीमने न अटकावानुं कारण आपता जणावे छे के अेज जांध थपथपावीने दुर्योधने द्रौपदीने बेसवा निर्लझज निमंत्रण आप्युं हतुं.आम दुर्योधने मानभंग कर्यो होवाथी भीमने रोकयो न हतो.युधिष्ठिरनी वातथी वायुदेव संशय मुकत थाय छे अने जतां रहे छे.

प्रचंड तडाका साथे अग्निदेव प्रगट थाय छे अने अग्निदेव द्यूतमां युधिष्ठिर अविवेकी बनी गयोहतोतेनी वात करे छे. त्यारे युधिष्ठिर कहे छे के द्यतू-मद्य- मानुनी विवेकहर छे, ते पण हाडचामनो माणस छे अने द्यूतना आनंदने परहरिने देव बनवुं न हतु तेथी द्यूतमां समस्त हार्या पछी द्रौपदीने दावमां मूकी विवेकभान चूकयो होवानुं जणावे छे. ते समये ते जुगारी हतो, सर्वस्व दामां लगावी दीधु हतुं, परंतु मामा शकुनीनी जेम छळ आदर्यु नहोतुं. आ स्पष्टता बाद अगिन देवसंशयमुकत थाय छे अने कहे छे के सदेहे स्वर्गे जवा मनुष्य योनिमां अेकमात्र युधिष्ठिर ज योग्य छे. पोते संशय मुकत थया छे तेम जणावे अग्निदेव जता रहे छे. अग्निदेवना गया पछी युधिष्ठिर सविता नारायणनुं आह्‍वाहन करे छे त्यारे सविता नारायण ने पथ्यमांथी जणावी दे अेमने कोइ प्रश्न नथी.आम त्रणेय देवोने संशय मुकत करवानुं स्वप्न, युधिष्ठिरना भीतरनो संघर्ष बनी रहे छे.

संशय मुकत थयेला देवो साथे नाटयकार्य पुरु थइ जाय छे. परंतु सर्जक त्यां नाटक पुरु करता नथी, नाटकने आगळ विस्तारे छे, अपराध भावथी पीडित युधिष्ठिरना चित्तने हजु शाता नथी. द्रौपदी तेमना चित्तमां प्रवेशी जइने चित्तनो कबजो मूकती नथी अेटले त्रीजा अंकना अेकमात्र अने सौथी लांबा द्रश्यमां युधिष्ठिरना लंबाता दारुण दुःस्वप्ननी नायिका बनी रहे छे. त्रीजो अंक द्रौपदीना, पतिओ साथेना अंगत सबंधोनुं नाटयकारे करेलुं संभवित इन्टरप्रिटेशन-तीखुं सत्त्य रजु करे छे. दुःस्वप्ननी नायिका बनी पांडवो साथेना अंगत संबंधोना बरकट सत्त्यन रजू करे छे आथी ज सर्जके त्रीजा अंकना अेकमात्र अने सौथी लांबा द्रश्यमां द्रौपदीनुं दझाडे तेवुं संभवित कठोर रुप रजू कर्युं छे.

पांडवोमां कनिष्ठ नकुलना खंडमां प्रवेशी, द्रौपदी, पांडवोअे हजु तेना मनने जीत्त्या नथी नो वसवसो रजू करे छे."द्रुपदनी कन्या हजी कुंवारी छे अेना मननो मत्त्स्यवेध न करी शके तो हिमालय हाड गाळवा जाय अने जीवतेजीवत समाधि ले." (अेजन, पान-र४) तेने वस्तु गणी वहेंची खानारा, संपत्ति समजी द्यूतमां दाव मूकनारा, अने भरसभामां तेना केश खेंचाया त्यारे चूप रहेनार पांडु पुत्रो प्रत्त्य रोष छे तेथी "हुं तमने सुखे राजय न करवा दउ..." (अेजन, पान-र४) युधिष्ठिर सिवायना चारेय पांडुपुत्रोनी मुलाकात लइ कटुवचन संभळावे छे.

आचारनी सीमा उल्लंघनी,झंझास्वरुपा द्रौपदी नकुल अने सहदेवने कुमार अने अर्जुनने बृहनल्ला अने अमोधबळ वगरना कापुरुष कही संबोधे छे. पोताना अस्तित्त्वनो ह्रास थयो, स्त्रीत्त्वनुं हनन थयुं त्यारथी ज पांडवोनुं पतन थाय अने अेनुं निमित बने अेम झंखती हती. पांडवोअे द्रौपदीने केन्द्रमां राखी हती, जयारे द्रौपदीअे तो पोताना अंतरतमममां केवळ कृष्णने ज स्थाप्या हता. कर्ण तरफ थोडो घणो भाव हतो. पांडवो तो तेने मन म्होरां हतां. तेओ द्रपदीने जीत्त्या होवा छतां पराभव पामेल हता. अेक मात्र युधिष्ठिर ज श्रध्येय हता छतां तेपण बे वखत सत्त्यच्युत थया हता अेक तो गुरु द्रोणना प्रश्न वखते अन बीजु द्रौपदी पर स्वामीना अधिकार बाबते मा कुंतानो विरोध न करीने. हवे द्रौपदी आ अपमान सहया होवाथी ते किरपाणथी वधु धारदार अने विषथी वधु घातक बनी छे.

द्रौपदी अर्जुन पासे जाय छे अने कहे छे ते तोमाता कुंतानी आज्ञा माननार मात्र पांडुपुत्र ज हता. भगवान शिव सामे युद्धे चडया अेन सदेहे इन्द्रपुरी जइ राजा इन्द्र साथे अर्धाआसने बेठा होवा छतां कृष्ण विना केवळ छाया छ छे, कारण कृष्ण हता तेथी ज तो कर्णने हणी शकया, नहींतर काबाओअे पण तेमने लूटया हता.सो सो सापनी जिहवानुं झेर ओकातु होय तेम द्रौपदी विषनुं वहन करे छे. अर्जुनने उश्केरी बालाढय भीम पासे जाय छे.

द्रौपदीने भीम सौथी प्रिय छे. भीमे ज दुःशासनने हणीने अंजली भरी रकतपान करी स्नेहनी प्रतीति करावी हती. माता कुंताना कहेवाथी वहेंची होवाथी तेमज द्यूतमां वस्तु लेखी दावमां मूकी होवाथी युधिष्ठिर पर वेर लेवा मांगे छे अने ते पण भीम द्वारा... आम वेरशमन माटे ज भीम पासे आवी होवानुं जणो छेः "हुं वेर लेवा मांगु छुं अेराजा युधिष्ठिर पर... तमेज तो छो मारी इच्छाओना हाथ अने पग..." (अेजन, पान-३०) द्रौपदीना थयेला अपमानना कारणे, द्रौपदीनी इच्छाथी ज भीमे पितराइने हण्या अने हवे पोताना थयेला अस्तित्त्वह्रासना वेरशमन

माटे द्रौपदी द्वारा तेना भाइओ सामे वेर लेवानुं कहेता भीम दिग्मूढ थइ जाय छे पोताने सौथी प्रिय भीम पासेथी पण नैराश्य पामता रडी पडे छे, अने कहे छे ते जाणती हती के ते परास्त थशे अने तेनो दर्प हणाशे.पांच पतिओअे अेने चाही नथी, केवळ कृष्णअे ज अेने अमर्याद चाही छे बधा ज पांडुपुत्र ठर्या, कोइ अेनो पति बनी न शकयु, कोइ अेनी लागणी समजी न शकयुं.

पोताने आवेला दुःस्वप्नथी युधिष्ठिर चीस पाडीने जागी जाय छे. कृष्ण अने भीष्म वगर अेकला अटूला - आधार विनाना विवश थइ सतव वगरना थइ गया छे. युद्धमां जे खोयु छे ते तो आटला वर्षो पछी पण मरूयु नथी अने जे पाम्यां छे अे तो तुच्छ छे, आथी स्वेच्छाअे देह हिमाधीन करवानो निर्णय करी चालवा जाय छे त्यारे द्रौपदी पोताने पण साथे राखवा जणावे छे. हजी द्रौपदीना दर्पनुं हनन करवानुं बाकी होइ, वेरनो अग्नि शमन करवा मथवानुं होइ, तेने समावी हिमालय कालीमा ग्रस्त थाय तेम होवाथी द्रौपदी माटे हिमालय दूर होवानुं जणावी युधिष्ठिर त्यांथी चाल्या जाय छे. अहीं नाटक समाप्त थाय छे.

इब्सनना नाटक 'The Doll's House' नी जेम आ नाटकनो बीजो अंत पण छे. युधिष्ठिरना गया पछी द्रौपदी अट्टहास्य करी कहे छे के तेने पांच पति होवा छतां ते सति हती, अेनो दर्प अे ज अेनु अस्तित्त्व हतु, वेर अेनु चालक बळ हतुं, आथी पृथ्वीने त्यजीने स्वर्गे जवुं नथी. युधिष्ठिर तो अेक क्षण माटे सत्त्यच्युत थया हता ते क्षणे तेमने पोतानुं अस्तित्त्व खोयु हतुं, परंतु पोत क्षणार्ध माटे पांचाली मटे शके नथी अने आथी ज त दशांगुल ऊंची रहेशे, तेने सदेहे स्वर्गे जवानी लिप्सा के इच्छा नथी, ते पृथ्वीना गर्भमांथी यज्ञवेदीमां, अग्निनी जवाळाओ वच्चेथी जन्मी होवाथी, तेनाथी आ पृथ्वीने त्यजीने कयांय जवाय तेम नथी. द्रौपदी पोताने निंद्रा आवती होवाथी पोतानी माने पारणु झुलावा कहे छे..."व्हाली व्हाली नींदरडी ने व्हाली व्हाली मा, वायु तुं छो वीरो मारो, धीरे धीरे वा...हलूलूलू हाल." (अेजन, पान-३३) गाता गाता द्रौपदी क्रमशः निद्रित थाय छे. अंधकार थता नाटक पुरुं थाय छे.

आम अहीं त्रीजो अेक समाप्त थाय छे द्रौपदीनां बळवत, अतिउग्र, बळकट, कर्कशा तथा पति प्रत्त्ये कठोर रुपने निरुपतो नाटकनो आ दीर्ध अंक, मूळे तो तेमनां अेकांकी 'मत्त्स्यवेध' नुं लगभग सीधुं ज 'Copy paste' छे (२०१० मां प्रकाशित थयेला अटपटा चित्त धरावतीना विविध रुप आलेखता-त्रण अेकांकी धरावता-त्रिअंकी नाटक 'सूत्रधार' पण आमेज छे.) बीजा अंकनां अंते युधिष्ठिर प्रत्त्ये देवोना संशय अने नाटयसंघर्षनुं शमन थइ, नाटय क्रिया पुरी थइ होवा छतां लेखक द्रौपदीना पात्रनुं संभावित अर्धघटन करी अनुआधुनिक नारीनी संवेदना साथे अनुसधांन साधता होवाथी पोतानां ज अेकांकी मत्त्स्यवेधने 'Paste' करी - युधिष्ठिरनुं दुःस्वन रची नाटकने नवो वळांक आपे छे, परंतु देवोनां संशय निवारण पछी विस्तार पूर्वकनो त्रीजो, अेक-स्वतंत्र अेकांकी कक्षाने अंेक भावकने रसव्यवधान रुप अनुभावाय तेम पण बने. आथी पारीमता रावल कहे छे "'स्वप्न- दुःस्वप्न'मां जे त्रीजो अंक छे अे लगभग सळंग 'मत्त्स्यवेध' नो ज छे. त्रीजा अंक तरीके चिनु मोदीअे स्वप्न- दुःस्वप्नमां जो 'मत्त्स्यवेध' नो टुकडो चोटाडयो न होत तो, अने नाटकने बीजा अंक आगळ पूर्ण कर्यु होत तो 'स्वप्न- दुःस्वप्न' नाटक अत्त्यंत लाक्षणिक रीते भीतरना युधिष्ठिरने प्रत्त्यक्ष करी आपतुं नाटक बन्युं होत." (पान-२६, नाटयकार चिनु मोदीनां लेखाजोखा, पारमिता रावल, पंचमवद सं-विनायक राव अने बीजा)

जयारे राजेन्द्र नाणावटी नाटकना आ इन्टरप्रिटेशन सामे केटलाक प्रश्नो उठावे छे. प्रथम तो तेमने नाटकमां कर्कश, कठोर अने अपमानजनक वलण धरावती द्रौपदीनी सर्जक कल्पना प्रतीतिजनक लागती नथी."मने पोताने तो युधिष्ठिरना मनमां पण-अेना स्वप्नमां पण-आ नारीनुं आवुं चित्रण बहु प्रतीति जनक नथी लागतुं." (स्वप्न दुःस्वप्न, लेखक चिनु मोदी, प्र.का. डिवाइन पब्लिकेशन, अमदावाद. प्रा.आ.- २०१०, पान-१२) महाभारतमां तो पांचे पांडवो अने द्रौपदी साथे ज महाप्रस्थान करे छे जयारे नाटकना अंतमां युधिष्ठिरने हेमाळे हाड गाळवा अेकला जवानो निर्णय अने तेनो अमल करता बतावी स्रोतग्रंथ महाभरतनी इतिहासनी अेक मोटी अने महतवनी विगत बदलवानो उपक्रम कर्यो छे. त्यां तेओने बीजो प्रश्न थाय छे "अे सर्जके मूळ कथानक साथे लीधेली छूटने केटले अंशे निर्वाहय गणी शकाय ?" (अेजन, पान-१२) (मैत्री विवेचनना समयमां कृति सामे प्रश्न

उठावतो लेख नाटकनी आगळ ज मूकवो/मूकाववो ते काबीलेदाद छे.) आ इन्टरप्रिटेशन राजेन्द्र नाणावटीने प्रतितिजनक अने जाणे सर्जकना अवकाश बहारनुं भले लाग्यु होय, परंतु चिनु मोदी नोंधे छे तेम "उरु भंगमां दुर्योधनने सुयोधन तरीके भास प्रतितिजन्य बनावी शकेला... तो चंद्रकांता टोपीलाल लाभशंकर ठाकर, धीरुभाइ ठाकर, सतीश व्यास, हसमुख बाराडी, इत्यादी अधिकारी भावकोने (प्रतितजनकताना प्रश्नोनी) चिंता न हती. (अेजन, पान-४-प) आम सर्जकनी स्वतंत्रता- तेनी मौलिकताना अवकाशने तागतु, सर्जकनी शकितनो परिचय आपतु, चिनु मोदीनुं 'स्वप्न दुःस्वप्न' नाटक, मिथना संभावित अर्थघटननुं नाटक बनी रहेशे.

### संदर्भ सूचि :

१. स्वप्न दुःस्वप्न,लेखक चिनु मोदी, प्र.का. डिवाइन पब्लिकेशन, अमदावाद. प्र.आ.- २०१०

२. पंचमवेद, सं.विनायक रावळ, मनीषा दवे, पारमिता रावल अने बीजा प्र.का.असाइत साहित्त्य सभा,ऊंझा. प्र.आ.२०११.

३. अपवार्य, ले.राजेन्द्र महेता, प्र.का.पोते, प्र.आ.२००३

४. नूतन नाटय आलेखो, ले. सतीश व्यास, प्र.का. आदर्श, प्र.आ. १९८६

५. पांच अेकांकीकारो, ले.डो.इलियास आखली, प्र.का. पोते, प्रा.आ.२००६



**Dr. Hitesh Gandhi**
**M.Phil., Ph.D. , Supervising Teacher for Ph.D. and Associate Professor Ratansinhji Mahida College, Rajpipla, Gujarat.**